1. કારોબારીનાં કાર્યો જણાવો.

- કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ કરેલા કાયદાના અમલ કરવાનું હોય છે. પરંતુ જયારે કલ્યાણ રાજયના ધ્યેયનો સ્વીકાર કર્યો છે, ત્યારે કારોબારીના કાર્યક્ષેત્રની ક્ષિતિજમાં પણ વિસ્તાર થયો છે. કારોબારીના કાર્યો નીચે મુજબ છે. (1) વહીવટી વિષયક કાર્યો (2) યુદ્ધ કે સંરક્ષણ વિષયક કાર્યો (3) વિદેશ નીતિવિષયક કાર્યો (4) ન્યાયવિષયક કાર્યો (5) નાણાવિષયક કાર્યો (6) ધારાકીય કાર્યો

  (1) વહીવટી વિષયક કાર્યો : રાજ્યનો સામાન્ય કારોબાર કે વહીવટ કારોબારી ચલાવે છે. જે અતિમહત્ત્વનું કાર્ય છે. રાજયના સર્વાંગી વિકાસ માટે તેમજ પ્રજાની આકાંક્ષાઓ, અપેક્ષાઓને પરિપૂર્ણ કરવાનું ધ્યેય રાજયનું હોય છે, જે કાયદો વ્યવસ્થા અને શાંતિની જાળવણી દ્વારા જ શક્ય બને છે. આંતરિક વહીવટની નિષ્ફળતાથી અશાંતિ, અંધાધૂંધી, અરાજક્તા પ્રવર્તે છે. પરિણામે, સમાજનો વિકાસ અવરોધાય છે. આમ, સ્થિર અને તંદુરસ્ત વહીવટ એ રાજય અને સમાજના વિકાસની પૂર્વશરત છે.

  (2) યુદ્ધ કે સંરક્ષણ વિષયક કાર્યોઃ રાજયની બાહ્ય સરહદોનું રક્ષણ કરવાનું કાર્ય કારોબારીના માર્ગદર્શન હેઠળ લશ્કર એ કાય કરે છે. રાજયની અખંડિતતા જાળવીને લોકોને સલામતી બક્ષવાનું કાર્ય કારોબારીના માર્ગદર્શન હેઠળ લશ્કર એ કાર્ય કરે છે. રાજયની અખંડિતતા જાળવીને લોકોને સલામતી બક્ષવાનો કાર્ય કારોબારીએ બજાવવાનું હોય છે. રાષ્ટ્રપતિએ સરસેનાપતી છે, તેઓ યુદ્ધ જાહેર કરવાની સત્તા ધરાવે છે. લશ્કરી સજ્જતા સતત તૈયારી, તકેદારી અને સજાગતા માંગી લે છે, નાગરિક જીવનમાં કે બિન યુદ્ધ સંજોગોમાં જેવા કે અતિવૃષ્ટિ, ચક્રવાત, કોમી તોફાનો જેવી આંતરિક અશાંતિવાળી અસામાન્ય પરિસ્થિતિમાં લશ્કરની ભૂમિકા મહત્ત્વની બને છે.

  (3) વિદેશ નીતિવિષયક કાર્યો : દુનિયામાં કોઈપણ રાજય સંપૂર્ણપણે સ્વાવલંબી નથી, પોતાના રાજયની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અન્ય રાજયો સાથે સંબંધ બાંધવા પડે છે. આ કાર્ય કારોબારી દ્વારા વિદેશમાં નિયુક્ત રાજદૂતો કે હાઈકમિશનર દ્વારા કરવામાં આવે છે.

  (4) ન્યાયવિષયક કાર્યોઃ દેશમાં કારોબારી વડા ન્યાયાધિશોની નિમણૂંક કરવાની તેમજ ગુનેગારોની સજા ઘટાડવી, મોકૂફ રાખવી, ફેરફાર કરવી કે માફ કરવાની સત્તા ધરાવે છે. આ રીતે કેટલાક ન્યાયવિષયક કાર્યો પણ કારોબારીએ કરવાના હોય છે.

  (5) નાણાવિષયક કાર્યોઃ રાજયનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જાય છે. આથી નાણાકીય સાધનોની પણ જરૂરિયાત વધતી જાય છે. કારોબારી દેશનો વિકાસ માટે આવકના નવા  નવા સાપનો ઊભા કરે છે. રાજયના કારોબારી વડા વતી સામાન્યઃ રાજયના નાણાપ્રધાનો વર્ષનું અંદાજપત્ર તૈયાર કરે છે, સંસદમાં તેને રજૂ કરે છે. નાણાંકીય ફાળવણી કેન્દ્ર અને તેના દરેક રાજ્ય વચ્ચે કરવામાં આવે છે.

  (6) ધારાકીય કાર્યોઃ પારાકીય કાર્યો ધારાસભા કરતી હોવા છતાં પણ કારોબારી કેટલાક ધારાકીય કાર્યો કરતી હોય છે. જેમાં કે, કારોબારી ખરડા તૈયાર કરવાનું કાર્ય કરે છે. આમ, કારોબારી અનેક કાર્યો કરીને રાજયોને તેઓના ધ્યેય પાર પાડવા માટે સતત પ્રયત્નશીલ હોય છે.

2. વડાપ્રધાનનાં કાર્યો જણાવો.

- ભારતમાં વડાપ્રધાન મુખ્ય કાર્ય રાષ્ટ્રપતિના કાર્યમાં સહાય એની સલાહ આપવાનું છે. સંસદીય પ્રકારની સરકારમાં વડાપ્રધાને નિર્ણયો લે છે. ભારતના બંધારણમાં વડાપ્રધાનના કાર્યો અને સત્તાઓ નીચે મુજબ દર્શાવી છે. (1) કારોબારી કાર્યો (2) ધારાકીય કાર્યો (3) નાણાકીય કાર્યો (4) વહીવટી કાર્યો

  (1) કારોબારી કાર્યો : પ્રધાનમંડળમાં પ્રધાનોની પસંદગી વડાપ્રધાનનો વિશેષ અધિકાર છે. સરકારના સાતત્ય અને સંતુલન માટે જુદા જુદા વર્ગો, હિતો, ધર્મો, પ્રદેશોનું પ્રતિનિધિત્વ સચવાય તેનું ધ્યાન રાખવામાં આવે છે. કઈ વ્યક્તિને કયું ખાતું આપવું કે વિભાગ આપવો તેની મરજી વડાપ્રધાન પર અવલંબે છે. તે સભ્યને પ્રધાનમંડળમાંથી દૂર કરી શકે છે.

- પ્રધાનંડળની પુનઃરચના, ખાતા કે વિભાગોની પુનરચના, બિનકાર્યક્ષમ પ્રધાનોને પડતા મૂકવાની સત્તા ધરાવે છે. કોઈ પ્રધાન પ્રધાનમંડળના નિર્ણય સાથે અસંમત હોય તો તેને રાજીનામું આપવાનું કહેવામાં આવે છે અથવા પ્રધાનમંડળમાંથી દૂર કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરવામાં આવે છે. વડાપ્રધાન પ્રધાનમંડળનું બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે. નિર્ણય ઘડતરની પ્રક્રિયામાં તે વિશેષ સ્થાન ધરાવે છે. વડાપ્રધાન દેશની રાષ્ટ્રીય અને આંતરરાષઅટ્રીય નીતિઓના ઘડવૈયા છે. વડાપ્રધાન પ્રધાનો ઉપરાંત રાષ્ટ્રપતિ વચ્ચે સંકલન કે સંપર્કની કડી તરીકેની ભૂમિકા બજાવે છે.

  (2) ધારાકીય કાર્યો : સંસદીય નેતા તરીકે વડાપ્રધાન બહુમતી પક્ષના નેતા છે. તેઓ લોકસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લોકસભાના અધ્યક્ષ સાથે સતત સંપર્ક રાખીને લોકસભાનું સત્ર બોલાવવાનો સમય અને તારીખ નિર્ધારિત કરે છે. સત્રાઅવકાસની પ્રક્રિયા રાષ્ટ્રપતિ તેમની સલાહ અનુસાર ગોર્વે છે. તેઓ સંસદમાં રજૂ થનાર ખરડાઓને ઓપ જે તે ખાતાના મંત્રી દ્વારા આપે છે.

- સંસદમાં ખરડો પસાર કરાવવામાં સહભાગી થાય છે. ખરડાના હેતુઓ, ઉદેશો, જોગવાઈઓ વગેરેની સ્પષ્ટતામાં તેઓની ભૂમિકા નિણયિક હોય છે. જરૂર પડે ત્યારે વિરોધ પક્ષ સાથે કે સર્વપક્ષીય બેઠક બોલાવીને તેમને વિશ્વાસમાં લે છે. સરકારના મુખ્ય પ્રવક્તા છે. તેઓ મંત્રીમંડળના નીતિવિષયક નિર્ણયોની ઘોષણા સંસદમાં કરે છે, જરૂર પડે તો તેના ખુલાસા પણ તેઓ કરે છે.

  (3)નાણાકીય કાર્યો : વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ નાણામંત્રી વાર્ષિક અંદાજપત્ર રજૂ કરે છે. જેમાં દેશની નાણાંકીય નીતિ અને આર્થિક નીતિના તમામ દષ્ટિબિંદુ જોવા મળે છે. કેબિનેટ બેઠકમાં તેને આખરી ઓપ અપાઈ છે. ભારતના વડાપ્રધાન હોદાની રૂએ નીતીપંચના અધ્યક્ષ છે, તેમાં જરૂર પડે તો કોઈ રાજય કે વિસ્તારના વિકાસ અંગે કેન્દ્રીય ભંડોળમાંથી ખાસ રાહત પેકેજ મંજૂર કરે છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિોનાં સમયે તેઓ જે તે રાજયને વડાપ્રધાનના ભંડોળમાંથી મદદરૂપ બને છે.

  (4) વહીવટી કાર્યો : વડાપ્રધાન સમગ્ર વહીવટીતંત્ર ઉપર વર્ચસ્વ ધરાવે છે. તેનો દ્વારા પડાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓનો અમલ અને વહીવટીતંત્રને તે દિશામાં વાળવા તેઓ કાર્ય કરે છે. રાષ્ટ્રપતિ દ્વારા થતી વહીવટીય નિમણુ કોમાં તેમનો મત નિષિક રહે છે. વહીવટીય બાબતોને લગતા સંસદમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે. વિદેશી રાષ્ટ્રો સાથેના કરારો કે સંધિમાં તેમનું દષ્ટિબિંદુ અગત્યનું હોય છે. વડાપ્રધાન આંતરિક અને બાહ્ય વિદેશ નીતિમાં રાષ્ટ્રપતિની સત્તાનો વાસ્તવિક રીતે અમલ કરે છે. આમ, વડાપ્રધાનનું સ્થાન સંસદીય સરકારમાં ચાવીરૂપ છે.

## 3. ભારતના રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ જણાવો.

➢ રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ બંધારણીય વડા છે. બંધારણ દ્વારા તેમણે વ્યાપક અને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાનો ઉપયોગ વડાપ્રધાન અને મંત્રીમંડળની સલાહ અને મદદથી કરવાની હોય છે. રાષ્ટ્રપતિને 5 વિભાગમાં સત્તાઓ આપેલી છે. (1) ધારાકીય સત્તા (2) કારોબારી સત્તા (3) નાણાકીય સત્તાઓ (4) ન્યાય વિષયક સત્તાઓ (5) કટોકટી વિશેષયક સત્તાઓ

➢ ધારાકીય સત્તા : (1) સંસદ એ અવિભાજય અંગ ગણાય છે. તે અનુસાર તેમણે કેટલીક ધારાકીય સત્તાઓ આપેલી છે. જેમા, (2) સંસદના બે ગૃહોની બેઠક બોલાવવાની, સત્ર સમાપ્ત કરવાની અને લોકસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે. કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની સહી થયા પછી જ કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.(3) સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે કોઈ મહત્વની કે તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા વટહુકમોને સંસદની બેઠક મળે ત્યારથી છ (4) અઠવાડિયામાં ગમે તે ગૃહ તેને મંજુર કરી તેને કાયદો બનાવી શકે છે. (5) નાણાંકીય ખરડા સિવાયના કોઈપણ ખરડાને પુનઃવિચારણા માટે પણ મોકલાવી શકે છે. (6) કોઈપણ ખરડા પર બંને ગૃહો વચ્ચે મતભેદ પડે તો તેઓ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.

## 4. ભારતના રાષ્ટ્રપતિની કટોકટીવિષયક સત્તાઓ જણાવો.

➢ ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિને ખાસ સંજોગોને પહોંચી વળવા માટે કટોકટી અંગેની સત્તાઓ આપવામાં આવી છે. જેમાં ત્રણ પ્રકારની કટોકટીનો સમાવેશ થાય છે. (1) સલામતી વિષયક કટોકટી (2) બંધારણીય કટોકટી અને (3) નાણાકીય કટોકટી

(1) સલામતી વિષયક કટોકટી : સલામતી વિષયક કટોકટી બે પ્રકારની હોય છે. (A) બાધ કટોકટી અને (B) આંતરિક કટોકટી. યુદ્ધ, બાધા આક્રમક કે સંશરા બળવાની ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હોય તેવી પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિને લાગે તો તેને પહોચી વળવા માટે તે રાષ્ટ્રીય કટોકટી અથવા તો સલામતિ વિષય કટોકટી જાહેર કરી શકે છે.

➢ 1962માં ભારત અને ચીન વચ્ચેના યુદ્ધ વખતે કટોકટી લાદવામાં આવી હતી. જયારે 1975માં ભારતમાં સૌપ્રથમવાર આંતરિક કટોકટી લાદવામાં આવી હતી. સલામતી વિષયક કટોકટીની અસરો મુખ્યત્વે કેન્દ્ર અને રાજય પર પડે છે. કારણ કે સમગ્ર પ્રદેશ એકતંત્રની વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે અને કેટલાક મૂળભૂત અધિકારોનો ભોગવટો મોકૂફ રહે છે. જયારે ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે છે કે હવે કટોકટી ચાલુ રાખવા જેવી પરિસ્થિતિ નથી.તો જાહેરનામું બહાર પાડી તેનો અંત લાવી શકે છે.

(2) બંધારણીય કટોકટી : ભારતના રાષ્ટ્રપતિને કોઈ રાજ્યના રાજ્યપાલ તરફથી એવો અહેવાલ મળે અથવા કોઈ બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે અમુક રાજયની સરકાર બંધારણની જો ગવાઈઓ અનુસાર ચાલતી નથી તો રાષ્ટ્રપતિ તે રાજયમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે અને તેને આધારે રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડવામાં આવે છે.

➢ બંધારણ કટોકટીની અસરો :જે રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હોય તેનો વહીવટ કેન્દ્ર સરકારને હસ્તક આવી જાય છે. તે રાજયની વિધાનસભાને મૂછિત અવસ્થામાં રાખવામાં આવે છે. અથવા તો તેની મુદત પૂરી ન થઈ હોય છતાં વિસર્જન કરી શકાય છે. રાષ્ટ્રપતિ શાસનના સમયે રાજયના રાજયપાલ કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે તે રાજયનો વહીવટ સંભાળે છે. આ સમય દરમિયાન તે રાજ્ય માટે રાજ્યયાદીના વિષયો ઉપર

કાયદા ઘડી શકે છે અને તે રાજ્યના અંદાજપત્રને મંજૂરી પણ આપી શકે છે.  બંધારણીય કટોકટીના જાહેરનામાને સંસદના બંને ગૃહોની મંજૂરી માટે જાહેરનામાને બે મહિનાની અંદર રજૂ કરવો પડે છે અને જે તેને મંજૂરી મળે તો છ મહિનામાં અમલમાં રહે છે.

(3) નાણાકીય કટોકટી : ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે છે કે દેશના કોઈપણ ભાગમાં નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે તો નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકાય છે. નાણાકીય સ્થિરતા અને શાખની વિશેષ કોઈ સ્પષ્ટતા કરવામાં આવતી નથી. આ કટોકટી દરમિયાન કેન્દ્ર સરકાર નાણાકીય વહેવારો માટે જરૂરી આદેશો રાજય સરકારોને આપી શકે છે.

- રાજયના સરકારી, અર્ધસરકારી કર્મચારીઓ તેમજ સર્વોચ્ચ અદાલત, વડી અદાલતોના ન્યાયમૂર્તિઓનો પગાર અને ભથ્થા ઉપર કાબૂ મૂકવામાં આવે છે. ભારતમાં આ પ્રકારની નાણાકીય કટોકટી અત્યાર સુધી જાહેર કરવામાં આવી નથી.